ાંડીવ પત્રિકામાળા   મણકો ૪ થો.

Reg. No 3.

ભારત—ભક્તિ

માતૃભૂમિ તરફ ભક્તિભાવ જાગ્રત કરનાર કાવ્યોનો પુષ્પહાર.

ભારત પૂજા.

(ગિરધારીરે, વાત કહું તે વિચારો)

ભારત મારે! પ્રેમે પૂજન તુજ કરિયે
વળી સેવા તુજ આદરિયે—ભારત મા

મા સેવા તુજ પાવનકારીરે, સહુ સંકટને હરનારીરે
વળી ભક્તિ હૃદય ભરનારી રે—ભારત.
ારી સેવાનાં રૂપ ન્યારાંરે, સ્વદેશી માને રૂડાંયે સમાયાંરે
ળી દેશપ્રીતિમાં મનાયાં રે—ભારત.
મે આજ પ્રતિજ્ઞા કરીશું રે, બસ વસ્તુ સ્વદેશી વાપરીશું રે
ાવી રીતે સેવા આદરીશું રે—ભારત મારે!

પ્રગટકર્તા—

ગાંડીવ સાહિત્ય મંદિર,

ચૌટા બજાર, કેળાપીઠ—સુરત.

૭૯૦

 આવૃત્તિ ત્રીજી. પ્રત ૮૦૦૦.

ભારતપુત્રોને શ[illegible] સંગ્રહ

ભૂમિ ભારતતણા પુત્રો તમે સૌ રેંટીયા કાંતો,
ઉરે ઉત્સાહ ધારીને, તજી દો અન્ય સૌ વાતો.
પહેરી અંબરો આછા, તમોએ દાટ વાળ્યો છે,
બન્યા બેહાલ બંધુઓ કલિને ઘેર પાળ્યો છે.
ઊઘાડો આંખ; ઉંઘો ના, હવે તો બહુ થઇ વીરા,
ગયું ઘર ઓસરી રહી છે, લુટાઈ ગઇ બધી ગિરા.
તમારી સર્વ પૂંજી તે, વિદેશી લઇ ગયા તાણી,
નમાલા નિપજ્યા સઘળા, રહ્યું ના કોઇનું પાણી.
તમારા પૂર્વજો સઘળા, સ્વદેશી વસ્ત્ર વાપરતા,
સ્વદેશીથી રહી રાજી, સદા શુભ હિંદનું કરતા.
તમે પરના બની જાતે, ભલું પરનું થયા કરતા.
પુરાણી વાત વિસરી ગ્યા, કદી તેને નથી સ્મરતા.
વતની આ દેશના થઇને તજો છો વેશ પોતાનો,
કુબુદ્ધિ અંતરે વ્યાપી, રહ્યો ના રંગ એ છાનો.
હજુ ચેતો અરે શાણા, જતું નાણું બચાવોને,
ખરો ઉત્સાહ ધારીને; સૂતર હાથેથી કાંતોને.

ભારત સંતાનોનું દેશગીત.

અમે હિન્દુ મુસલ્માનો ઇશાઇ પારસી જૈનો
અમારી હિન્દ મૈયાને અમે છીયે બિરાદર સૌ
જણાતાં સ્થૂલથી જુદા છતાં સંતાન ભારતનાં
રમ્યાં ખીલ્યાં સદા ખોળે હીપવશું દુધ માડીનાં
તજીશું ભેદ ને ભૂલશું, હવે ઘરમેળના ઝઘડા
ઉડાડીશુ ખમા સાથે ખસો અમ દેશહિત કરવા
લડ્યા બાઝયા હશું પૂર્વે, પિયાસી ખૂનના છોને
હવે તે યાદ લાવેથી ભલું શું દેશનું હોયે ?
અમારા વેદને કુરાન અવસ્તા ને વળી ઇંજીલ
પુરાણો વંદ્ય છે અમને, હવે ના દ્વેષ કો કરીએ
અમારા દેહની માટી, અહા ! આ હિન્દ મૈયાથી
બની; અંતે મળે તેમાં. પછી જુદાઇ છે શાની ?
હતા આદિ અને અંતે થશું સૌ એક રૂપે હા !
ન જ્યાં જુદાઇનું મૂળે કહો ક્યાંથી તહિં શાખા
કરીશું પાપની તોબાહ, વહાવી ઉષ્ણ આંસુડાં
હૃદય ચોકખા મહિં પ્રતિબિંબ ઝીલશું દેશભક્તિના

ભારત સંતાનોનું રણગીત.

અમે તો ભારતનાં સંતાન
અમારો દેશ અમારો પ્રાણ:—અમે તો
અમારો ધર્મ અમારો પ્રાણ:—અમે તો

સ્વતંત્રતા જ્યોતિ પ્રકટાવા
ભગવો ભેખ ધરીશું,
સ્વાર્થ અને તન મન ધન ભોગે
સેવા શુભ કરીશું.
ગજવશું હિન્દ તણાં જળપાન—અમે તો

ભારતમાં અમ આત્મયજ્ઞની
ઝગઝગ જ્યોત ઝળકશે
આખીયે આલમનાં પાપો
નષ્ટ જ થાશે બળશે
ફરકશે હિંદ તણાં નિશાંન
અમે તો ભારતનાં સંતાન
અમારો દેશ અમારો પ્રાણ—અમે તો
અમારો ધર્મ અમારો પ્રાણ—અમે તો

ભારતભક્તોને આવાહન.

ગઝલ.

અહો ભારત તણા ભક્તો તમારૂં શ્રેય જો ચાહો,
બધી ખટપટ ત્યજી બીજી હવે તો રેંટીઓ ઝાલો.

તમારાં વસ્ત્ર પરદેશી
ત્યજો વેચો કિંવા બાળો,
તમારા દેશને ખાતર હવે તો૦

વિદેશી વસ્ત્રને વાણા
થકી તમ દેહ લાજે છે:
ખરા હિંદી થવા ખાતર હવે તો૦

નિમક જે માતનું ખાઓ
હલાલી તે થવા ચાહો.
તિલક મહારાજ માનો તો હવે તો૦

પ્રતિજ્ઞાની અવધ આવી
હજુ શું મ્હોં વકાસો છો ?
તમારા માન ખાતર તો હવે તો૦

૧ ઑગષ્ટ ૧૯૨૧

અમે હિન્દી હિન્દી હિન્દી.

અમે ભરતભૂમિના પુત્રો, અમ માત પુરાણુ પવિત્ર
રે જેનાં સુંદર સૂત્રો ઝળકાવે ઉચ્ચ ચરિત્ર
અમ અંતરને ઉદ્દેશી કરશું હોકાર હમેશ
અમે હિંદી હિંદી હિંદી, છે હિંદ અમારો દેશ
અંધાર વિષે અથડાતાં કે ફરતાં નિત્ય પ્રકાશ
પડતાં રડતાં રગડાતાં કે કરતાં હાસ્ય વિલાસ
પળપળ અમ ઉરનિધિએ શી હા ઉછળે ઉર્મિ અશેષ
અમે હિંદી હિંદી હિંદી, છે હિંદ અમારો દેશ
ક્યાં હશે હિમાલય જેવો ક્યાં પુણ્ય પવિત્રજ ગંગ
ક્યાં મળે અલૌકિક એવા સહુ દેશ તણા બહુ રંગ
ક્યાં મુનિ ઇશ્વરજન બેસી કરતા પ્રભુપંથ ઉજેશ
અમે હિંદી હિંદી હિંદી, છે હિંદ અમારો દેશ
ધમ ધમ ધરણી ધ્રુજવિશું અમ દેશ તણાં કરી ગાન
જય જય જય નાદ કરીશું, દઇશું મોંઘા અમ પ્રાણ
એ ભક્તિ વસી ઉર તે શી દેજો શક્તિ પરમેશ
અમે હિંદી હિંદી હિંદી, છે હિંદ અમારો દેશ

ઉંદર મામાની આરતિ.

ખણીને ખોતરી ખાધું, કર્યું આ ઘર બધું પોલું
હવે કંઇ રહેમ લાવીને સિધાવો તો ઘણું સારૂં

ન દી'ધાંતાં નિમંત્રણ કંઇ વગર તેડયા ધસી આવ્યા
હવે સિધાવવા વિનતિ સિધાવી જાવ ઓ મામા

કરો બસ માફ હાવે તો ઘણું વેઠયું અમે હદથી
વધુ ના તાર ખેંચાશે નહિ તો તે તૂટી જાશે

ન ઘરનો એક ખુણોયે તમે રાખ્યો સમો સાજો
હતા કોઠારને ઢગ ધાન્ય તે ચોકખાં કર્યાં સર્વે

ન મૂકયાં અંગ વસ્ત્રોયે કરડવા તીવ્ર દંતીજી !
છતાં જાણે પડયું ઓછું ફુંકીને દેહ પણ કરડી !

અરે ભૂંડા, જરાયે તો હૃદય કે ન્યાયને ધારો;
ન ખોદો ખાવ તેનું તો પ્રભુની બીક કૈં રાખો,

તમારા ત્રાસથી થાકી હવે તોબાહ કરૂં બાપુ
ઉરે થાયે કંઇ કંઇકે હવે કોને જઇ યાચું ?

પરંતુ આત્મઅગ્ર માંહિ મને શ્રદ્ધા રૂડી બેઠી
હવે ઉભી પૂછડીએ નાસશો મામાજી ! એ નક્કી.

ગુણવંતો ગાંધીનો રેંટીઓ.

(વૈદરભી વનમાં વલવલે, એ રાહ.)

ગુણવંતો ગાંધીનો રેંટીઓ ! કંઇક વરસે મનાયો.
જેને જગત ભૂલી ગયું તે તો પાછો અણાયો. ગુણવંતો૦
સુંદર દીસે તું તો રેંટીઆ ! તારી સુંદર છે ત્રાક,
તારા વડે સહુ ઢાંકતા પોતે પોતાની લાજ. ગુણવંતો૦
બરકત તારી અખંડ છે તારૂં લક્ષણવંતુ નામ,
લાજ તુંથી રહે રંકની, તારૂં ઉજ્વલ છે કામ,
ગુણવંતો ગાંધીનો રેંટીઓ

ધીરો ધીરો ચાલેરે ! મીઠો મીઠો બાજેરે !
રૂડો મારો રેંટીઓ હોજી ! ધીરો૦
એ રેંટીઆમાં દેશોદયના નીકળે તાર
એ તારે તારે બાજું ભારતનો ઉદ્ધાર રે ! ધીરો૦
(સાખી) ત્રાક રૂડી પાંખા રૂડી, ઉજ્વલ તેમાં નાથ:
ઉજ્જવલ પૂણી ઓપતી ઉજ્વલ મારા હાથ.
દેશે મારા દેશને (સૌ) ઉજ્વલ ઉજ્વલ સાથ.
દુઃખો સહુ હરતોરે ! અભયપણે ફરતોરે !
રૂડો મારો રેંટીઓ હોજી ! ધીરે૦

૯૯૨૭૦

ભારતને ચરણુ

ભૂમંડળમાં શ્રેષ્ઠ મનાતી ઉત્તમ ભૂમિ હિંદુસ્તાન
ઋદ્ધિ સિદ્ધિ વિદ્યાવૃદ્ધિ માટે મળિયું જેને માન
પતિતપાવની દીનઉદ્ધારિણી ગૌરવવાળી ને ગુણવાન
પવિત્ર માતા પ્રભાવશાળી ચરણુ નમે તારાં સંતાન

જેહુ ભૂમિમાં જન્મ ધરે છે રામકૃષ્ણુ આદિ ભગવાન
સીતા તારા દ્રૌપદી કેરાં સુવર્ણ અક્ષરથી છે નામ
ઋષિમુનિની ચર્ણધૂલીથી પુનિત બન્યાં છે જેનાં ધામ
પવિત્ર માતા પ્રભાવશાળી ચરણુ નમે તારાં સંતાન

દેશભકત દાદાભાઇ તિલક રાનાડે આદિ ભડવીર
સત્ય પતાકા કરમા સાહી ગાંધી ઉભા ગુણગંભીર
માલવિયાજી મહીતળ માંહી વધારતા મા તારૂં માન
પવિત્ર માતા પ્રભાવશાળી ચરણુ નમે તારાં સંતાન

ગુણુ અગણિત જનની તુજ ગાતાં પામે નહિ કો કવિએ પાર
દશે દિશા ખ્યાતિ પ્રસરેલી ગાઇ શકે કયમ તારાં બાળ
ચરણુ વંદીને શરણુ લોટતાં ધરીએ નિત્યે તારૂં ધ્યાન
પવિત્ર માતા પ્રભાવશાળી ચરણુ નમે તારાં સંતાન.

ભારતી માટે

અમે લીધી ફકીરી આ, અમારી ભારતી કાજે
જમાવી પ્રેમની ધુની અમારી ભારતી કાજે
બુતો પૂજા દીધી છોડી, કિતાબો રાખમાં રોળી
અમે સૌ ભારતી માટે લીધી વસ્વી હવે ઝોળી
ફિરિશ્તા મુર્શિદોના સૌ, વચનને દૂર તો કીધા
સ્વરગ સમ સુખ ત્યાગીને, કટુ કંઇ ઝેરને પીધાં
કિતાબો વેદ પુરાણો, દીધાં પાણી મહિં સરવા
ખુદાની સાખમાં અમને, અમારા હિન્દની પરવા
અમોને સૌ નસેનસમાં નિશો બુરો બધે વ્યાપ્યો
તમે તેને દફન કરવા હકીમો શીદને આવો
તમોને છે પડી ટેવો મજાહારી ઉઠાવાની
અમારી એ બૂરી આદત સ્વદેશે મસ્ત બનવાની
અમો મસ્તાનના મસ્તાનની એ ઓર મસ્તી છે
અમારી ભારતી માટે અમારી આજ હસ્તી છે.

ભારતી સ્તવન.

(રાગ ભૈરવી)

જનની જગદીશ્વરી;
મા ભવ્ય ઝલક ભરી મા દિવ્ય હુલક ભરી. જનની.
મા તુજ જય જય નાદ ઘોષ જો, દિગંત ગર્જે છે;
પડે ગગન મંડળ પડછંદા, ધરણી ધ્રુજે છે, જનની.
અંતરિક્ષ સહુ દેવો આવ્યા, ચઢી વિમાન પરે;
પુષ્પ વૃષ્ટિ વરસાવે તુજ પર, જય જય જય ઉચરે. જનની.
ગાંધર્વો ગુણગાન કરે મા, દિવ્ય વાદ્ય વાગે;
અમર અંગના કુસુમ માળ લઇ ઉભી અનુરાગે. જનની.
ઇંદ્ર ઉભો ઉતારે આરતિ, નારદ નૃત્ય કરે;
વિણા વગાડે સરસ્વતી મા, અનહદ સુર ભરે. જનની.
બ્રહ્મા વેદની ધુન મચાવે, પ્રેમ શૌર્ય પ્રિછવે,
હરિહર મંગળ આશિષ દે મા, સંપ નીતિ શિખવે. જનની.
તુજને રસવતી ફુલવતી કરવા, રિક્ત હાટ્યે ભરવા;
દુઃખ હરવા સુખ કરવા દેવો, લાગ્યા અવતરવા. જનની.
હવે તવ હૃદયે હર્ષ છલોછલ, અતિશય ઉભરાશે;
અનનુભૂત ઉર શાંતિ ઉપજશે, વાદળ વેરાશે. જનની.
હિંદુ મુસલમાં ખ્રિસ્તી પારસી, ઐક્ય ગ્રંથી ગૂંથશે;
વિશ્વ પ્રેમીઓ ઘર ઘર વિશ્વે, કવિસમ ઝળહળશે. જનની.

"તમારી આત્મશ્રદ્ધા તો."

કવાલી.

દિવાલો દુર્ગની ફાટે તમારાં કેદખાનાની,
તૂટે જંજીર લોખંડી તમારી આત્મશ્રદ્ધા તો.
તમારા માર્ગમાં ઉભા પહાડો યે ખસી જાશે,
બિયાબાં માર્ગ દઇ દેશે તમારી આત્મશ્રદ્ધા તો.

ઉતરવા સાત સાયર જો તમારા પત્થરો તરશે,
વિના નૌકા સફર થાશે તમારી આત્મશ્રદ્ધા તો.
જવું આકાશમાં ધારો, ન વાયુયાન પાસે છો,
વિના પાંખે ઉડી જાશો તમારી આત્મશ્રદ્ધા તો.

હજારો રોગની જ્વાળા દવાના બુંદના વિના
બુઝાશે શાંતિ સિંચાશે તમારી આત્મશ્રદ્ધા તો.
દિગંબર સાધુના ચરણે સિકંદર શાહ નામે છે,
ગળે સૌ ગર્વ ભૂપતિના તમારી આત્મશ્રદ્ધા તો.

જીગરની બાળહઠથી તો વિઠોબા દૂધ પીએ છે,
પ્રકટશે પત્થરે પ્રભુજી તમારી આત્મશ્રદ્ધા તો.
પ્રભુ પ્રહલાદને માટે વસેલા લોહના થંભે,
સદા સાન્નિધ્યમાં રહેશે, તમારી આત્મશ્રદ્ધા તો.

એ ધન્ય ભાગ્ય ક્યાંથી ?

જે સત્યથી પૃથિવી નભમંડળે ફરે છે,
જે સત્યનેજ દેવો આધીન થઈ રહે છે,
જે સત્યનાજ જોરે, ઝૂઝી ગયા શહીદો,
જે સત્યની પ્રતિમા સીતા સમી સતીઓ.
છે શુદ્ધ આદરેલું જે સત્યને સહાયે,
તે સત્ય તુંબીપાત્રે તરવો સમુદ્ર ભારે.
છે દિવ્ય મંત્ર સમતા ને પ્રેમ ને અહિંસા.
તે આચરી જીવનમાં તો છે વિજય સરવમાં
છે મારનાર લાખો, મરનાર કોઈ વીરલા,
જે સામી છાતી રાખી ક્ષત્રિય ઘાવ ઝીલતા.
હણનાર લાખ થાશે, જીવાડનાર કોઇ.
જીવાડનારની છે, દુનિયા મહી દુહાઇ.
છારી મલિનતાની, જો દૃષ્ટિથી કપાઇ
દિલમાં પવિત્રતાની તાસીર જો છવાઇ
જો અંતરે પ્રભુના સામર્થ્ય માંહી શ્રદ્ધા,
છે એજ એક કર્તા, નિમિત્ત માત્ર બીજા
તો તોપ, બંદૂકો ને બારૂદ તીર ભાલા
તલવાર, પાણી મળાં આયુધ સર્વ ઠાલાં.

છો ખાલસા મૂકાતાં, વ્હાલાં વતન અમારાં,
છો આવતાંજ તેડાં અંધારી ઓરડીનાં.

અમ બેડી બંધનોથી, અમ માત બંધ તૂટશે.
કુરબાની આપણીથી, ઝરણાં અમી વહેશે
અંધાર વાસમાંથી સ્વાતંત્ર્ય રશ્મિ ફુટશે.
ને ધર્મચક્ર ફરતાં જગદેહ શુદ્ધ થાશે.

રૂધિર નિજ રેડી બલિદાન શુદ્ધ દઈશું.
ત્યારેજ બુદ્ધ થઇશું, ત્યારેજ મુક્ત થઇશું.
ગંગા પુનિત ઉતરી, ચૈતન્ય ધાર રેલી
એ ધન્ય ભાગ્ય ક્યાંથી લ્યો મુક્તિની પ્રસાદી.

તમારી ભાષામાં રાષ્ટ્રીય પુસ્તકો કેટલાં છે ?

તે તમારે જાણવું જોઇએ.

ગાંધીજીનો જેલનો અનુભવ	૦–૫–૦
ઇજીપ્તનો ઉદ્ધારક.	૦–૬–૦
હિંદસ્વરાજ.	૦–૮–૦
અસહકાર.	૦–૬–૦
સત્યાગ્રહ.	૦–૬–૦
ગાંધીજીના ખુલ્લા પત્રો.	૦–૬–૦
ગાંધીજીના ખાનગી પત્રો.	૦–૬–૦
ગાંધીજીના વચનામૃત.	૦–૨–૦
ગાંધીજીનું મનોમંદિર.	૦-૧૦-૦
ગાંધીજીની દિવ્યવાણી.	૦–૧–૦
વિદ્યાર્થી આલમને.	૦–૩–૦

આ બધાં મહાત્મા ગાંધીજીનાં લખાણ છે.

રાષ્ટ્રગીત.	૦-૧૧-૦
અરવિંદ ઘોષની કારા કહાણી	૦-૧૧-૦
સત્યાગ્રહીના સ્વાતંત્ર્ય મંત્રો.	૦–૧–૦
ગાંધીજીનું જીવનચરિત્ર.	૦–૬–૦
ગોખલેનાં વ્યાખ્યાનો (બે ભાગમાં)	૧–૮–૦
સ્વદેશાભિમાન	૦–૪–૦
દાદાભાઇ જીવનચરિત્ર.	૦–૬–૦

દરેક રાષ્ટ્રીય પુસ્તક મળવાનું ઠેકાણું—

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

ગાંધી ગ્રન્થમાળા — મણકો ૭ મો.

ઇજીપ્તનો ઉદ્ધારક. (વગેરે)

આ પુસ્તકમાં મહાત્માજીએ લખેલું મુસ્તફા કામેલ પાશાનું જીવનચરિત્ર તથા દ. આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, તેમજ બે બોધદાયક રસીલી વાર્તાઓ આપેલી છે. પૂઠાં ઉપર મહાત્માજીનો મનોહર ફોટો છે.

કીંમત છ આના.

ગાંધી ગ્રન્થમાળા — મણકો ૪ થો.

નીતિધર્મ અને સર્વોદય.

લખનાર—મહાત્મા ગાંધીજી.

આ પુસ્તકમાં એક નવિન પ્રકારના અર્થશાસ્ત્રના અદ્‌ભુત સિદ્ધાંતોનું વિવેચન કરી મહાત્માજીએ દુનિયાના સાર્વજનિક ઉદયનો સ્વર્ગીય માર્ગ દર્શાવ્યો છે. આબાલવૃદ્ધ દરેકે વાંચી વર્તનમાં મૂકવા જેવો વિષય એમાં છે. પૂઠાં પર મહાત્માજીની છબી.

કીંમત ૪ આના.

પાકું પુઠું છ આના.

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર—ઝવેરલાલ મૂળચંદ વીમાવાળા,
'ગાંડીવ' સાહિત્ય મંદિર કેળાંપીઠ, સુરત.
સુરત; બરાનપુરી ભાગોળ ઉપર આવેલા શ્રી 'અનાવિલ' પ્રિન્ટીંગ પ્રેસમાં ગોવિંદજી [illegible] નાયકે છાપ્યું.